તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૨ ટકા
વરસાદ : છેલ્લા ૨૪ કલાક ૨૯ મી.મી. ● મૌસમ કુલ ૩૩૭ મી.મી

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગસ્ટ, ૨૦૧૬, બુધવાર ; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રેપો રેટ અને સીઆરઆર યથાવત

## લોન સસ્તી થવા માટે રાહ જોઇ રહેલા તમામ સામાન્ય લોકોને મોટો ફટકો પડ્યો : બેંક રેટને યથાવત સાત ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરાયો



મુંબઇ,તા. ૯

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઈની આજે નાણાંકીય નિતી સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. જેમાં તમામ ટોપના અર્થશાસ્ત્રીઓ અને બેંકરોની અપેક્ષા પ્રમાણે જ વ્યાજદરમાં કોઈ ફેરફાર નહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આરબીઆઈના ગવર્નર તરીકે રઘુરામ રાજને આજે તેમની છેલ્લી પોલીસી સમીક્ષા રજૂ કરી હતી. ખાદ્યાન ફુગાવામાં હાલમાં વધારો થયા બાદ ફેરફાર કરવામાં આવ્યા નથી. જો કે લોન સસ્તી થશે તેની રાહ જોઈ રહેલા તમામ લોકોને ફટકો પડ્યો હતો. રાજને સીઆરઆરને યથાવતરીતે જ ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આવી જ રીતે રિવર્સ રેપો રેટ છ ટકાના દરે જાળવી રાખવામાં આવ્યો છે. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (એમએસએફ) રેટ અને બેંક રેટને યથાવત સાત ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ વખતે મોનસુનની સ્થિતી સારી રહી છે પરંતુ હાલમાં વધુ રાહ

### મહત્વના દરો

| | |
|---|---|
| રેપોરેટ | ૬.૫૦ટકા |
| રિવર્સ રેપોરેટ | ૬ ટકા |
| કેશ રિઝર્વ રેસિયો | ૪ ટકા |
| એમએસએફ રેટ | ૭ ટકા |
| બેંક રેટ | ૭ ટકા |

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં એક લાખથી વધુ સ્કૂલોમાં એક જ શિક્ષક છે

દહેરાદૂન, તા. ૯

દેશભરમાં કેટલીક સ્કૂલોમાં માત્ર એક જ શિક્ષક સાથે કામ ચલાવવામાં આવે છે. ભારતમાં એક લાખથી વધુ સ્કૂલો એવી છે જેમાં માત્ર એક જ શિક્ષક છે. આ સંદર્ભમાં અહેવાલ સંસદમાં રજૂ કરવામાં આવ્યા બાદ ચિંતાજનક ચિત્ર સપાટી ઉપર આવ્યું છે. ભારતના શિક્ષણના સ્તરને લઈને ચિંતાજનક આંકડા સપાટી ઉપર આવ્યા છે. એક શિક્ષકને લઈને ચિત્ર ખુબ જ જટિલ બનેલું છે. દેશભરમાં ૧૦૫૬૩૦ સરકારી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલો આવેલી છે. મધ્યપ્રદેશનું સૌથી નિરાશાજનક ચિત્ર રહ્યું છે જ્યાં સ્કૂલો પૈકી ૧૭૮૭૪ સ્કૂલોમાં માત્ર એક જ શિક્ષક છે જ્યારે ઉત્તરપ્રદેશ પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોની સંખ્યાના મામલામાં બીજા સ્થાને છે.

## અરૂણાચલના પૂર્વ મુખ્યમંત્રી કલીખો પુલની આત્મહત્યા

### પંખા ઉપર લટકેલી હાલતમાં મળી આવ્યા આત્મહત્યા કરી હોવાનું કોંગ્રેસના નેતાનું નિવેદન

નવીદિલ્હી,તા. ૯

અરુણાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના અસંતુષ્ટ નેતા કલીખો પુલ ઘરમાં મૃતહાલતમાં મળી આવતા સનસનાટી મચી ગઈ છે. કલીખો ફાંસી ઉપર લટકેલી હાલતમાં મળી આવ્યા હતા. પંખા ઉપર લટકેલી હાલતમાં તેમની લાશ મળી આવતા ઉંડી શોધખોળ હાથ ધરવામાં આવી છે. એક કોંગ્રેસ નેતાએ કહ્યું છે કે, કલીખોએ આત્મહત્યા કરી છે. અરુણાચલમાં બદલાઈ રહેલી રાજકીય સ્થિતિમાં પણ કલીખો મુખ્યમંત્રીના આવાસમાં જ રહી રહ્યા



● અનુસંધાન પાન-૭ પર

# સ્પેક્ટ્રમના મેગા સેલની અંતે જાહેરાત

## ૨૯મી સપ્ટેમ્બરથી સૌથી મોટી હરાજી હાથ ધરવાની પ્રક્રિયા શરૂ : ટુજી, થ્રીજી, ફોરજી એરવેવ્સની સૌથી મોટી હરાજી થશે : બેઝ પ્રાઇઝ પર પણ આ હરાજી થશે તો કેન્દ્રની સરકારને ૫૫૬૦૦૦ કરોડ રૂપિયા મળશે

નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર હવે ટુજી, થ્રીજી અને ફોરજી એરવેવ્સની સૌથી મોટી હરાજી કરવાની તૈયારી કરી ચુકી છે. આ હરાજીની શરૂઆત ૨૯મી સપ્ટેમ્બરના દિવસથી થનાર છે. બેઝ પ્રાઇઝ પર પણ સરકારને આ હરાજી મારફતે આશરે ૫૫૬૦૦૦ કરોડ રૂપિયાની જંગી રકમ મળી શકે છે. ઈન્ડસ્ટ્રીઝે જો કે કહ્યુ છે કે બેન્ડવિડ્થની એક્સપાયરી અને ૭૦૦ મેગાહર્ટજ બેન્ડમાં સ્પેક્ટ્રમની ખુબ ઉંચી કિંમત હોવાના કારણે એરવેવ્સની માંગ ઓછી રહી શકે છે. જેથી કેન્દ્ર સરકારને તેના ટાર્ગેટ કરતા ઓછા નાણાં મળી શકે છે. દુરસંચાર વિભાગે સોમવારના દિવસે નોટીસ ઈનવાઈટિંગ

એપ્લિકેશન જારી કરીને તમામને જાણ કરી હતી. હરાજી માટે એક કાયદાકીય દસ્તાવેજ રહે છે. તેમાં તમામ બાબતોની વિગત આપવામાં આવે છે. સરકાર ખાનગી ટેલિકોમ કંપનીઓને કઈરીતે એરવેવ્સ આપવા માંગે છે તેની વિગત દસ્તાવેજમાં સામેલ કરવામાં આવે છે. તેમાં વિવિધ શરતો પણ રહે છે. સોમવારના દિવસે જારી વિસ્તૃત માહિતી મુજબ સરકાર ૯૦૦ મેગાહર્ટજ અને ૨૧૦૦ મેગાહર્ટજના થ્રી જી બેન્ડ અને ૭૦૦ મેગાહર્ટજ, ૮૦૦ મેગાહર્જ, ૨૩૦૦ મેગાહર્જ, ૨૫૦૦ મેગાહર્ટજના ફોરજી બેન્ડમાં ૨૩૫૪.૫૫



● અનુસંધાન પાન-૭ પર

## મોહેનજોદડો દ્વારા ૬૦ કરોડની કમાણી

મુંબઈ,તા. ૯

ફિલ્મ રજૂ થતા પહેલા જ મોહેનજોદડોએ ૬૦ કરોડની કમાણી કરી લીધી છે. ફિલ્મ રજૂ થાય તે પહેલા જ પોતાના સેટેલાઇટ અને અન્ય વિવિધ અધિકારો મારફતે આ ફિલ્મે જંગી કમાણી કરી લીધી છે. ફિલ્મ સાથે જોડાયેલા સુત્રોનું કહેવું છે કે, આ ફિલ્મે ખર્ચની રકમ પૈકીની જંગી રકમની કમાણી કરી લીધી છે. પ્રચાર અને જાહેરાત ખર્ચ મળીને આ ફિલ્મ ૧૧૫ કરોડમાં તૈયાર કરવામાં આવી છે. નિર્માતાઓ ખુબ જ ખુશ છે.






# રૂપાણી સરકારમાં સૌથી વધુ સંસદીય સચિવો

## રાજ્યમાં સંસદીય સચિવ સાથે ત્રીજુ જમ્બો મંત્રીમંડળ બન્યુ

ગાંધીનગર, તા. ૯

આજે રાજ્યમંત્રીમંડળમાં ૮ સંસદીય સચિવો ઉમેરાતાં મંત્રીમંડળનું કદ વધીને ૩૩ થયું છે. જે રાજ્યમાં અત્યાર સુધીમાં રચાયેલા મંત્રીમંડળમાં ત્રીજુ સૌથી મોટુ મંત્રીમંડળ છે.

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ૮ સંસદીય સચિવોને શપથ લેવડાવ્યા હતા. અગાઉ સૌથી મોટુ મંત્રીમંડળ માધવસિંહ સોલંકીનું હતુ જેની સંખ્યા ૪૦ જેટલી હતી. ૧૯૮૫ થી ૯૦ના ગાળામાં છેલ્લા ચાર મહિના માટે આ મંત્રીમંડળ રચાયુ હતુ. આ પછી ૧૯૯૪-૯૫માં સ્વ. છબીલદાસ મહેતાએ તેમનું મંત્રીમંડળ ૩૬ સભ્યોનું બનાવ્યું હતું.

આ બન્ને જમ્બો મંત્રીમંડળને લઈ તત્કાલીન વિપક્ષ ભાજપે આકરા વેણ કહેવામાં કંઈ બાકી રાખ્યુ ન હતુ. હવે વિજય રૂપાણીના નેતૃત્વમાં રચાયેલ મંત્રીમંડળમાં ૨૫ મંત્રીઓ સાથે ૮ સંસદીય સચિવોને ઉમેરતાં સંખ્યા ૩૩ પર પહોંચી છે.

દિલ્હીમાં સંસદીય સચિવોના મુદ્દે આપને ભીંસમાં લેનાર ભાજપે અહિ મિશન-૨૦૧૭ને ધ્યાને રાખી આજે ૮ સંસદીય સચિવોની નિમણુંક કરી છે. રાજ્ય મંત્રીમંડળની તવારિખીમાં સૌથી વધુ સંસદીય સચિવો પણ રૂપાણી શાસનમાં નિયુક્ત કરાયા છે.

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225




Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655

હાર્દિક અભિનંદન અને સફળતા માટે શુભેચ્છા



જશુભાઈ શીવાભાઈ પટેલ
ચેરમેનશ્રી, ધી માલપુર નાગરિક સહકારી બેંક લિ.

આપશ્રીએ ધી માલપુર નાગરિક સહકારી બેંક લિ.,માં જવલંત વિજય મેળવેલ છે. તથા આપશ્રી નાગરિક બેંકમાં બિનહરીફ ચેરમેન તરીકે ચુંટાયા તે ખરેખર ગૌરવની બાબત છે. આપશ્રી હાલ એ.પી.એમ.સી.માલપુરના ચેરમેન, ધી માલપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન, ધી સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના ડીરેક્ટર તથા ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.,ના ડીરેક્ટર ઉપરાંત અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે સેવાઓ આપી રહ્યા છો. આપશ્રીના જાહેર જીવનના બહોળા અનુભવોનો લાભ ધી માલપુર નાગરિક સહકારી બેંક લિ.ને મળી રહે તથા આપ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી શુભકામનાઓ પાઠવી ધી માલપુર નાગરિક સહકારી બેંકના ચેરમેન પદે બિનહરીફ ચુંટાવા બદલ આપશ્રીને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

શુભેચ્છકો
ધી માલપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માલપુર
ચેરમેનશ્રી, સેક્રેટરીશ્રી તથા કમિટિના સભ્યશ્રીઓ, જી. અરવલ્લી

Last day
"THE OMG SALE"
Even God wonders HOW?
"TANA BANA"
EXHIBITS A WIDE RANGE OF KOTA SAREES, DRESS MATERIAL, EVENING GOWNS, PLAZO SET, TRENDY SUITS COLLECTION WITH THE MONSOON SEASON'S MOST AWAITED PREMIUM UNBELIEVABLE
STOCK CLEARANCE SALE UPTO 50%
WITH FINAL CALL ON 8-9-10 AUGUST (10am-7pm)
Showcasting at
TANA BANA
2, hariharashray bunglows part - 1,between jaggurnaut football club n baghban party plot thaltej ahmedabad-380059.
8,9,10 august
"GRAB THE OPPORTUNITY LIKE NEVER BEFORE".
Anita Mehta-9825464098

નામ / અટક બદલેલ છે
મારુ નામ / અટક
બારોટ દિક્ષિત જયપ્રકાશ માંથી
બારોટ દક્ષ જયપ્રકાશ રાખેલ છે
બારોટવાસ, તા. કલોલ,
જી. ગાંધીનગર

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET




• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 ,09829719885 ,09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651